

# અર્હદ્ પ્રેરણા પત્ર

❖ વર્ષ : 31 ❖ અંક : 12 ❖ S.No. : 476
❖ તા.16-3-2025 ❖ માર્ચ
છૂટક નકલ : રૂા. 6/-

|| શ્રી વાસુપૂજ્યસ્વામિને નમઃ ||

|| શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરિભ્યો નમઃ ||

## શાસન રક્ષક દેવ શ્રી માણિભદ્ર વીરના સિદ્ધ સ્થાન.....

# આગલોડ તીર્થે

## શ્રાવક જીવનની ઉત્કૃષ્ટ કરણી સ્વરૂપ વૈરાગ્યના ઉપવનમાં આત્મસ્નાન એટલે...

# ઉપધાન તપોત્સવ

::::: પાવનકારી નિશ્રા :::::

યુવાહૃદયસમ્રાટ પ.પૂ.આ. **શ્રી હેમરત્નસૂરીશ્વરજી મ.સા.** ના
શિષ્યરત્ન પ.પૂ. પંન્યાસ પ્રવર **શ્રી હૃદયરત્ન વિજયજી ગણિ,**
પૂ. મુનિશ્રી **યુગરત્ન વિજયજી મ.સા.** આદિ શ્રમણ-શ્રમણીવૃંદ




...પ્રથમ પ્રવેશ...

વિ.સં. 2082, કારતક વદ 9, ગુરુવાર

**13th NOV. 2025**



...દ્વિતીય પ્રવેશ...

વિ.સં. 2082, કારતક વદ 11, શનિવાર

**15th NOV. 2025**



...મોક્ષમાળ...

વિ.સં. 2082, પોષ સુદ 14, ગુરુવાર

**02th JAN. 2026**

સૌજન્ય :

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પત્ર


વર્ષ : 31 ❖ અંક : 12
S.No. : 476 ❖ વિ.સં.2081
તા.16-3-2025 ❖ માર્ચ

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
**અમદાવાદ**

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–


॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.**





## પ્રાર્થના

હે પ્રભુ ! હું ક્યારેક કોઈને રડતાં જોઉં છું ને આશ્ચર્ય થાય છે, કે તેઓ કેમ રડતાં હશે ? કોઈના એકના એક દિકરાનું મૃત્યુ થયું ને મા–બાપ છાતીફાટ રૂદન કરે છે. કોઈનું ઘર લુંટાઈ ગયું ને માલિક રડે છે.

યુવાન સ્ત્રીનો પતિ મરી ગયો તો સ્ત્રી ડૂસકાં ભરી ભરી રડે છે. પરંતુ પ્રભુ તારા વિરહમાં મેં કોઈને રડતાં જોયાં નથી ! સંસારીઓ પોતાના સંસાર માટે રડે છે, પૈસાદારો પૈસા માટે રડે છે. સહુ કોકના કોક કારણસર રડે છે. પ્રભુ ! હું ક્યારે તારા વિરહ ખાતર રડીશ ?

પ્રભુ ! એવી ધન્ય પળ ક્યારે આવશે, કે તારી યાદ આવે અને મારા ચરણો ત્યાં જ થંભી જાય. મારી આંખો તારા કોક દિદારને જોયા કરે. અંતરના સ્ક્રીન ઉપર તારી છબી તરવા લાગે અને મારું મન તેમાં ડૂબવા લાગે. જીવમાત્ર પ્રત્યે તારી પરમ કરુણા મારા રોમરોમને વિકસિત કરી દે.

તારા મુખ ઉપરથી છૂટતા હજારો સૂર્યસમ તેજને ઝીલતો મારા આત્મા પર અનાદિથી ચોંટેલા કષાયોનું દહન થતું જોયા કરું ! બસ જોયા જ કરું !

હે પ્રભુ ! શું કહું, તારા બ્રહ્મતેજથી મારા વિષયો સૂકાઈને નાશ થઈ જાઓ ! હે કૃપાળુ ! મારા આ સ્થૂલદેહનો વિરહ થાઓ પરંતુ તારો મને ક્યારેય વિરહ ન થાઓ.

તું તો હંમેશા સાથે ને સાથે જ રહે, સદા તને જોયા જ કરું.

## સંવેદના

'લવ' ની સાથે 'અફેર' જોડાય છે ત્યારે આખોય શબ્દ તિરસ્કાર પામે છે. સંતાનો મોટા થતાં માતા–પિતા અને સ્વજનોને 'લવ' કરવાના બદલે જ્યાં ત્યાં પોતાનું દિલ કેમ આપી બેસે છે ? તેનું જરાક સંશોધન કરવા જેવું છે. ઘણા ઘરોમાં આ હોળીયો સળગી છે છતાં મા–બાપો જાગતા નથી.

વર્તમાનના સંતાનોના ટેસ્ટ, ચોઈસ અને પ્રવાહ મા–બાપોએ સમજવા જેવા છે. તેઓને સલાહ તો મુદ્દે ગમતી નથી, ઉપદેશની ધારાઓમાં તેઓ કંટાળી ભાગી જાય છે. તેમની ભૂલો ઉપર તાડૂકવાની, ઍટેક કરવાની કે તૂટી પડવાની પદ્ધતિથી સંતાનો તૂટી જાય છે. તેઓ હવે ઘરને બદલે બહાર પ્રેમ શોધે છે.

કૉલેજ કેમ્પસોમાં, જોબ ઑફિસોમાં આવા દુખિયારા બે દિલ મળે એટલે તેમની સહજતાથી દોસ્તી થાય છે. તેઓ દિલનો સાચો પ્રેમ માની પરણી જાય છે. ત્રણ મહિનામાં તો સંજોગો સમજાઈ જતાં છૂટાછેડા, આપઘાત કે ભાગી જવાના નગારા વાગી જાય છે. મા–બાપો ઈજ્જતના માર્યા આખી જિંદગી પછતાય છે.

'હેન્ડલ વીથ કેર' તમારા સંતાનોને સાચવીને પ્રેમ–વાત્સલ્ય પૂર્વક વારો તેમને કલ્યાણમિત્રોનો યોગ કરાવી મર્યાદાનું શિક્ષણ આપો. સંતાનો માટે સમય આપો. તેઓ તમને ખુશીની જિંદગી આપશે.



**હેમસૂત્ર** ભગવાનને ઓળખવા કરતાં ચાહવા લાગો...! ચૌદ પૂર્વીઓ પણ ઓળખી શક્યા નથી ! ચાહશો ક્યારે ? સમય પણ ક્યાં છે ?

# મારું જીવન અંજલિ થાજો - ૧

## ઉપશમ - વિવેક - સંવર - ૧

26 27 28

કરુણાસાગર ગણધર ભગવંતોએ 'મન્નહ(ઈ) જિણાણં'ની સજ્ઝાયમાં આ એક સુંદર ત્રિપદી મૂકી છે. જેનો શબ્દાર્થ માત્ર કરીએ તો ભૂલા પડીયે. તાત્પર્યાર્થ સુધી જવું પડે. ત્રણે પદોનું અત્યંત ઊંડાણ છે. છતાં શ્રાવકોને, આગળ વધી સાધુઓને પણ આ ત્રણ પદો આત્મસાત્ કરવા પ્રેરણા કરી ઉપશમ રાખવો, વિવેક રાખવો અને સંવર કરવો. આ કર્તવ્ય બતાવ્યું.

આ ત્રણે પદો ઉપર જ્ઞાની મહાપુરુષોએ ઊંડાણથી ચિંતનો કર્યા છે. આ ત્રણે પદો પરસ્પર કાર્ય કારણ ભાવવાળા છે. જેમ કે, સંવર નામનું કાર્ય છે તો કારણ વિવેક છે. વિવેક પ્રગટે તો સંવર આવે. જો સમયે વિવેક ન પ્રગટે તો મોટી હોનારત પણ સર્જાઈ જાય! વળી વિવેક ક્યારે જાગે ? તો કે, આત્મામાં ઉપશમ પડ્યો હોય તો કટોકટીમાં પણ વિવેક જાગે અને તો સંવરનો લાભ થાય. એટલે ત્રણે પદો કાર્ય કારણ ભાવવાળા છે.

આમ જોઈએ તો આત્મવિકાસના આ ત્રણે સ્વતંત્ર સાધનો છે. આત્મામાં ઉપશમનો પ્રવેશ થાય ત્યારબાદ કાળક્રમે વિવેક આવે છે અને વિવેક જામતો જાય તેમ સંવરની પ્રવૃત્તિ શક્ય બને છે. ઉપશમ એટલે શમન થવું, શાંત થવું, કોનું શાંત થવું ? તો કષાયોનું !

આત્મા ઉપર અનાદિકાલિન રાગ-દ્વેષની ચિકાસ છે. આત્માના જે મોટા બે શત્રુઓ છે તે રાગ અને દ્વેષ છે. તમામ ધર્મક્રિયાઓનું અંતિમ લક્ષ્ય આ રાગ અને દ્વેષને કાઢવાનું છે, નાશ કરવાનું છે. આ કામ થાય એટલે આત્મા વીતરાગ અને વીતદ્વેષ બને. એટલે આત્મા પોતાની મૂળ સ્થિતિને, પોતાની ઓરીજીનાલીટીને પ્રાપ્ત કરે. અનાદિ અશુદ્ધ આત્મા જે કહેવાય છે તેમાં અશુદ્ધિ શું ? તો આ રાગ અને દ્વેષ, જેને રાગ કેસરી અને દ્વેષ ગજેન્દ્ર કહેવાય છે.

તેમાંય ખતરનાક હોય તો રાગ કેસરી છે. દ્વેષ ઓછો ખતરનાક છે. આ બન્નેનો મોટો પરિવાર છે. પ્રશમરતિ પ્રકરણ નામના ગ્રંથમાં આ બન્ને મહારથીઓના પર્યાયો (પરિવાર)નું વર્ણન કર્યું છે.

इच्छा मूर्छा कामः स्नेहो गार्ध्यम् ममत्त्वमभिनन्दः ।
अभिलाष इत्यनेकानि रागपर्याय वचनानि ॥१८॥

જેમ કે - રાગનો પહેલો પર્યાય છે ઈચ્છા : તે કોને ન ગમે. રાગ અને એના પર્યાય છૂપા દુશ્મનો છે. જે સહુને ગમે છે. કમાલની વાત તો એ છે કે, માણસ આ દુશ્મનને પરમ મિત્ર ગણી આખી જિંદગી તેવી સેવા કરે છે. ભાગ્યે જ કોઈ તેને ઓળખી શકે છે. જે ઓળખી જાય છે તે તેનાથી છૂટવા સંસારથી નિવૃત્તિ લઈ જંગલમાં સાધના કરવા ચાલ્યા જાય છે. રાગનો ત્યાગ કરી વીતરાગી બનવાની સાધના કરે છે.

તમારી ભૂમિકામાં એટલે કે, તમને તેટલી જ સમજ તમારા આત્મામાં ડેવલપ થઈ છે. એટલે તેટલી જ વાતો અંદર ઉતરે, તમારા માન્યામાં આવે. જેમ કે, પાંચ વર્ષનું બાળક કેટલું સમજે ? તે માત્ર ભગવાનને ઓળખે. તમે બતાવો તેમ પૂજા કરે, ગુરુની ઓળખાણ કરાવો તો બીજીવાર કહે આ મારા ગુરુ છે. તમારા સ્વજનોની ઓળખાણ કરાવો, તો પછીથી તેમને પણ ઓળખતો થાય. પરંતુ આ ભગવાન કોણ છે ? એમનું સ્વરૂપ કેવું છે ? તેમને શા માટે પૂજવાના ? વળી આ ગુરુનો શું મહિમા છે ? આ બધા સ્વજનો આપણા કેવા ઉપકારી છે ? આવું પ્રવચન તમે તે બાળકો આગળ કહેવા બેસો તો ? કોઈ ન બેસે ! કેમ ? તો, બાળકને આ સમજાય એવું મન-બુદ્ધિ હજુ અંદર તૈયાર થઈ નથી. તેને હજુ મોહ અને અજ્ઞાન પડ્યું હોવાથી આવું સમજવાની ભૂમિકા જ નથી માટે તેને આગળ આવી વાતો પણ અસ્થાને છે. સમયનો દુર્વ્યય છે.

**તેમ તમારી ભૂમિકામાં, ક્રોધ ખરાબ છે, તમારો દુશ્મન છે, તે આવી જાય તો તમે ગીલ્ટી ફીલ કરો છો એટલે શાસ્ત્રોની પણ આ વાત તમે હાર્ટલી સ્વીકારી છે. (શ્રદ્ધાપૂર્વક સ્વીકારી છે.) પણ રાગ ખરાબ છે, દ્વેષ કરતાં પણ ભયંકર છે તે વાત તમારું અંતઃકરણ સ્વીકારવા તૈયાર ખરું ?**

ખામી ક્યાં છે ?

મોબાઈલમાં નાંખવાના જાત-જાતના પ્રોગ્રામના 'સોફ્ટવેર' આવે છે. સોફ્ટવેર તમને સ્ક્રિન પર તે મેટર બતાવે છે. બરાબર એ રીતે તમારા આત્મારૂપી મોબાઈલમાં શ્રદ્ધાના આટલા જ પાવરવાળુ સોફ્ટવેર

છે. પણ રાગ ખરાબ છે. સંસારમાં ભટકાવનાર મૂળ દોષ છે. એવું સમજાવનાર શ્રદ્ધારૂપી સોફ્ટવેર નથી.

બીજી વાત કરું, કીડી તે જીવ છે તેની તમને બરાબર શ્રદ્ધા છે. એટલે કે, તમારા આત્મારૂપી મોબાઈલના સ્ક્રિન પર 'કીડીમાં જીવ છે' એવું તમે શાસ્ત્રોએ કહેલી વાત માનો છો. આગળ વધી તે કીડીને મારવાનો વિચાર પણ કરતા નથી. તમને ખબર છે, કે જો કોઈપણ જીવ (ત્રસ)ને મારશું તો આપણે ભવાંતરમાં અનેકવાર મરવું પડે તેવી સજા થશે. આવી શાસ્ત્રની વાત તમે માની છે. માટે તો તમારા હાથે જીવ મરી ગયો તો તમે આલોચના લો છો અને તેનું પ્રાયશ્ચિત્ત પણ કરો છો.

હવે વાત એ છે કે, શાસ્ત્રોએ કીડીમાં જીવ છે તેમ કહ્યું. તેમ પાણીમાં પણ જીવ છે એવું કહ્યું છે ! તો - ''પાણીમાં જીવ છે'' એવું તમારા સ્ક્રિન ઉપર આવે ? અને આવે તો ૧ટીંપામાં રહેલા અસંખ્ય જીવોને બચાવો ખરા ? શું વિજ્ઞાને પણ ૧ ટીપામાં હજારો જીવો છે એમ કહ્યું નથી ? પણ તેવું સોફ્ટવેર હજુ આવ્યું નથી.

રાગને-'દુશ્મન', 'ભયંકર' એવું જણાવનાર સોફ્ટવેર જ્યાં સુધી તમે ન નાંખો ત્યાં સુધી રાગ તમારો મિત્ર જ બની રહેવાનો. માટે તેને કાઢવાની વાત જ ક્યાં આવશે ? શાસ્ત્રકારો ગમે તેટલીવાર કહે, 'રાગ ભયંકર છે.' તેને કાઢો પણ આ જ્ઞાન તમારા અંતરમાં જઈ સંવેદના રૂપ ન બને ત્યાં સુધી પેલું સૉફ્ટવેર તૈયાર ન થાય!

પ્રશ્ન : રાગને દુશ્મન જણાવે તેવું સોફ્ટવેર કયું છે ?

આત્મામાં સમ્યગ્દર્શન નામનું સોફ્ટવેર આવે ત્યારબાદ બધું સ્પષ્ટ થાય અને તે કદાચ આવી પણ ગયું હોય તો એક્ટિવ ન થાય ત્યાં સુધી રાગ દુશ્મન ન લાગે. અનંત તીર્થંકરો કહીને ગયા ભલે ! પણ તમારા માઈંડમાં ન બેસે એટલે તમે નહીં માનવાના બરાબરને ?

પ્રશ્ન : તો આ સમ્યગ્દર્શન લાવવા શું કરવાનું ?

આટલું, ભગવાનની વાતો જે સદ્ગુરુઓ કહી રહ્યા છે તે ભેજામાં ઉતરે કે ન ઉતરે (કેમ નથી ઉતરી તેના કારણની ચર્ચા હમણાં થઈ ગઈ) તમે માનવા લાગો તેનાથી લાભ એ થશે કે, તમારી બુદ્ધિનો ઉપયોગ બંધ થતાં હૃદયની સંવેદનાનો ચેમ્બર ખૂલી જશે. હવે પ્રભુના વચનોનું બુદ્ધિના ચેમ્બરમાં જઈને એનાલીસીસ નહીં થાય પણ સીધા હૃદયના ચેમ્બરમાં પહોંચી જઈ સંવેદના પેદા કરશે અને તમને જે ન હતું સમજાતું તે હવે ધીરે ધીરે સમજાવા લાગશે.

ચિલાતી પુત્રને એકેય છોકરીએ પરણવાની ના પાડી એટલે ખીજાયો. સુષ્માને ઉઠાવી જંગલ તરફ ભાગ્યો. ખબર પડતાં તેના પિતા અને ભાઈઓ પાછળ દોડ્યા.

ચિલાતીને લાગ્યું કે, તે લોકો આવી પહોંચશે એટલે ભાર ઓછો કરવા સુષ્માનું મસ્તક તલવારથી કાપી, દેહ પડતો મૂકી નાઠો... અત્યંત ક્રોધાવિષ્ટ હતો.

માર્ગમાં એક મહાત્મા કાયોત્સર્ગ ધ્યાને ઊભા હતા. તેમના અવગ્રહમાં-ઑરામાં આવતાં જ જઈને પ્રશ્ન કર્યો, મહારાજ ! ધર્મ શું છે તે કહો, ભયંકર ટૉન પારખી મહાત્મા મૌન રહ્યા. બીજી-ત્રીજી વાર પૂછતાં લાગ્યું કે, ઊકળાટ થોડો શમી ગયો છે, હવે ધર્મ કહી શકાશે એટલે બોલ્યા, **'ઉપશમ-વિવેક-સંવર'** માત્ર ત્રણ પદો તેના કાનમાં પેઠા. મહાત્મા તો આકાશ માર્ગે પ્રયાણ કરી દીધું.

ચિલાતી ત્રણ પદોના ઊંડાણમાં ઉતર્યો-વિચારે છે. જોત જોતામાં ક્રોધ ગળવા લાગ્યો. તેની દિશા બદલાઈ ગઈ. ત્રણ પદોને વારંવાર વાગોળી આત્મસાત્ કર્યા અંતે ભાનભૂલેલા ચિલાતીને સાધુ બનાવી આ ત્રણ પદોએ સિદ્ધ બનાવ્યો.

આપણે વાત ચાલે છે, આત્મા ઉપર રાજ્ય કરતા બે દુશ્મનો રાગ અને દ્વેષની. દ્વેષ હજુ દુશ્મન લાગે છે પરંતુ રાગ દુશ્મન નથી લાગતો કારણ પ્રભુના વચન ઉપર હજુ હૃદયના સ્તરની શ્રદ્ધા નથી આવી તે આવશે ત્યારે આ આખો રાગમય સંસાર, આસક્તિઓથી લઈ પાંચે ઈન્દ્રિયોના રાગજનક વિષયોનો ત્યાગ કરવાનું સત્ત્વ જાગશે અને ત્યારે ધર્મનો સાચો રસ્તો પકડાશે.

પૂજ્યવર ઉમાસ્વાતિ મહારાજાના પ્રશમરતિ પ્રકરણમાં રાગ અને દ્વેષના ૮ અને ૯ પર્યાયો (પરિવાર)ની વાત કરી છે તેને સમજીએ.

**(૧) ઈચ્છા-પ્રીતિ** (આગળ કહ્યું તેમ) તે રાગનો પર્યાય છે. કોઈપણ ચીજો પ્રત્યે રાગનો પરિણામ થવો તે પ્રીતિ છે. રાગ થવાથી ઈચ્છા પેદા થાય છે. એટલે, કોઈ સુંદર પદાર્થને મેળવવાની ઈચ્છા થવી તેમાં કારણ તે ચીજ પ્રત્યે થયેલો રાગ છે.

સંયમ જીવનમાં પણ જડ ચીજ-વસ્તુઓને-મેળવવાની, રાખવાની ઈચ્છાઓ થતી હોય તો પણ તે રાગ છે. તેના બે વિભાગ છે. **(૧) પ્રશસ્ત રાગ (૨)**

**અપ્રશસ્ત રાગ.** ૧લાની વાત પછી કરીશું હાલ બીજા અપ્રશસ્ત રાગ અને તેના પર્યાયોની વાત કરવાની છે. અપ્રશસ્ત એટલે જે આત્માનું તત્કાળ કે ભવિષ્યમાં પણ અહિત કરનારી હોય તે તમામ ચીજો ઉપરનો રાગ, તે તમામ ચીજો ઉપરની પ્રીતિ, તેને મેળવવાની ઈચ્છા આ બધું **અપ્રશસ્ત** રાગના ખાતામાં જશે. જેનાથી **મોહનીય** વગેરે ચીકણા કર્મો બંધાશે. આ રાગ આત્માની અધોગતિ કરનાર છે.

**(૨) મૂર્છા :** કોઈચીજ ઉપર મૂર્છા થવી તે પણ રાગનો પરિણામ છે. બાહ્યવસ્તુ સાથે ઓતપ્રોત થવા રૂપ જે આત્માનો પરિણામ તે મૂર્છા છે. જે ચીજમાં મૂર્છા ઉત્પન્ન થાય છે. તે ચીજ તે જીવ પ્રાણાંતે પણ છોડવા તૈયાર થતો નથી. મૂર્છા પામેલો જીવ પોતાના મૂળ (શુદ્ધ) સ્વરૂપને જ ભૂલી જાય છે. સ્વભાવદશા ત્યારે છૂટી જાય છે અને તે વસ્તુમય બની વિભાવદશામાં ફસાય છે. આમ અત્યંત રાગ તે મૂર્છા ઉત્પન્ન કરે છે.

**(૩) કામ :** કામ એટલે પણ ઈચ્છા. ઈષ્ટ વસ્તુની પ્રાર્થના થવી તે કામ-કામી જીવ પોતાને ઈષ્ટ-ગમતી ચીજોની યાચના કરતો રહે છે. કોઈપણ ભોગે મેળવવા પ્રયત્ન કરે છે. પોતે કોણ છે તે પણ ભૂલી જાય છે. અજયપાળ શક્તિશાળી રાજા હોવા છતાં પોતાના બે મહાવતની માતા ઉપર કામી થયો. વારંવાર તેમની માતાને સેવવા લાગ્યો. બે પુત્રોને પોતાની માતા વ્યભિચારીણી બની છે તેવી ખબર પડી. પુત્રોએ વિચાર્યું માને તો શું કહેવાય ? રાજાને જ પતાવી દઈએ અને એક રાત્રે બરાબર યોજના કરી અંધારામાં બહાર આવેલા રાજાનું માથું ફોડી પતાવી દીધો. આવો ગુજરાતનો નાથ ગટરમાં પડી કામચેષ્ટાથી કૂતરાના મોતે મર્યો.

**(૪) સ્નેહ :** વ્યક્તિ અથવા વસ્તુ પ્રત્યે વિશિષ્ટ પ્રેમ તે પણ શરીર સુખની અપેક્ષાએ હોય તો સ્નેહ કહેવાય. આવા સ્નેહથી પણ કર્મબંધ થયા કરે. ભગવાન પ્રત્યે ગૌતમસ્વામીને હતો તે પણ સ્નેહ હતો છતાં સામે પાત્ર ભગવાન હોવાથી તે સ્નેહ પ્રશસ્ત હતો. જેથી અમુક ભૂમિકા સુધી તે સારો કહ્યો. પછીની ઉપરની ભૂમિકામાં તેને પણ છોડવાની વાત આવે છે. ગુરુ ગૌતમ અને પ્રભુ સાથેના સ્નેહના બંધન તુટ્યા પછી ગુરુ ગૌતમને કેવળજ્ઞાન પ્રગટ્યું છે. ક્રમશઃ

અનુસંધાન પાના નં. ૧૦ ઉપરથી

માંગી રહ્યા છે. તે જાતિઓના શરીરમાંથી કોઈપણ અંશ ગ્રહણ કરીને તેમાંથી બીજા સશક્ત નવા મનુષ્યો પેદા કરી લેવાની તેમની ગણતરીઓ છે. હાલ એવા સંશોધનો ચાલુ છે, કે નર-માદાના સંયોગ વિના માત્ર શરીરની સાત ધાતુઓમાંથી કોઈપણ અંશનો ઉપયોગ કરીને લેબોરેટરીઝમાં નવા નવા માનવો પેદા કરી શકાય. આજે આ બધું આપણા મગજમાં બેસે તેવું નથી પણ કેટલા દેશો છેલ્લા ૫૦૦ વર્ષોથી એકધારું હૉમવર્ક કરી રહ્યા છે. તમારું બધી રીતે સત્યાનાશ કેવી રીતે વાળવું તે માટે વધુ વાતો જાણવા જેવી છે.

આજે તો તમે એટલું સમજો કે દેશ ચારેકોરથી ભીંસમાં આવી ગયો છે. તમે તમારા અંતરમાં પહેલાં પ્રભુભક્તિને જાગ્રત કરો પછી તમારા અંતરમાં ખુમારી પેદા થયા વિના રહેશે નહિ. હરિના થયા વિના શૂરા થવાનું શક્ય છે ? યાદ રહે કે, ચન્દ્રશેખર આઝાદના એક હાથમાં જો પીસ્તોલ રહેતી તો બીજા હાથમાં હંમેશાં ગીતા રહેતી હતી. બાલઠાકરેની ચારેકોર બંદૂકધારીઓ હોય છે. પણ સાહેબના હાથમાં હંમેશા રુદ્રાક્ષની માળા હોય છે.

ચપટી મીઠું ઉપાડીને અંગ્રેજો સામે બળવાખોર બની જનારો મોહનદાસ માંથી જિંદગીની છેલ્લી સંધ્યા સુધી પણ પ્રાર્થના કર્યા વિના રહ્યો નથી. ક્વીટ ઈન્ડિયાના શબ્દોચ્ચાર કરનારા માણસના છેલ્લા શબ્દો હતા 'હે રામ!' ક્રમશઃ


**અર્હદ પ્રેરણા પત્ર (માસિક)**

ધી રજીસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ : ૧૯૫૬) અન્વયે 'અર્હદ્ પ્રેરણા પત્ર' પત્ર અંગેની માહિતિ ફોર્મ નં-૪

| | | |
|---|---|---|
| ૧. | માલિક | : **અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ** |
| | પ્રકાશનનું સ્થળ | : **૧૭, ઈલોરા પાર્ક સોસાયટી, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.** |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : **માસિક** |
| ૩. | મુદ્રક, તંત્રી અને પ્રકાશકનું નામ | : **કલ્પેશભાઈ વી. શાહ** |
| | રાષ્ટ્રીયતા | : **ભારતીય** |
| | સરનામું | : **૧૭, ઈલોરા પાર્ક સોસાયટી, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.** |
| ૪. | તંત્રીનું નામ | : **કલ્પેશભાઈ વી. શાહ** |
| | રાષ્ટ્રીયતા | : **ભારતીય** |
| | સરનામું | : **૧૭, ઈલોરા પાર્ક સોસાયટી, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.** |

હું કલ્પેશભાઈ વી. શાહ ''અર્હદ્ પ્રેરણા પત્ર'' માસિક મુદ્રક, પ્રકાશક અને તંત્રી તરીકે જાહેર કરું છું કે, ઉપરોક્ત વિગત મારા ધ્યાન મુજબ અને જાણ મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૨૫ કલ્પેશભાઈ વી. શાહ
મુદ્રક/પ્રકાશક/તંત્રી

# પરિણતિની Jain ફિલોસોફી-૪

વિદ્યાર્થી : સર ! પ્રણામ ! ગત સત્સંગમાં આપે કહ્યું, આત્મામાં બન્ને પ્રકારની એટલે કે, શુભ અને અશુભ પરિણતિઓ અનાદિ કાલથી પડેલી છે. તે મોટેભાગે ખોટા નિમિત્તો મળે એટલે અશુભ એટલે કે, પાપ-પરિણતિ આપોઆપ બહાર આવે છે અને જીવને પાપમાર્ગે લઈ જાય છે. સારા નિમિત્તો મળતાં શુભ પરિણતિ પણ બહાર આવે છે. માટે શરૂઆતમાં આપણે બને તો ખોટા નિમિત્તોથી બચવું !

સર : વત્સ ! આત્મા અનાદિકાળથી છે. **'અણાઈ જીવે'** અને તેની સાથે વળગેલા કર્મો પણ અનાદિકાળથી છે. **"અણાઇ કમ્મસંજોગનિવત્તિએ"**

આત્માએ જ આ પરિણતિઓ તૈયાર કરી છે અથવા કહો કે, મોટાભાગે પાપ પરિણતિઓ આત્મામાં અનાદિકાળથી ધરબાઈને પડી છે. કારણ, જીવ અનંતકાળ પ્રથમ અવ્યવહાર રાશીની નિગોદમાં રહ્યો. ત્યાં શુભ પ્રવૃત્તિનો અવકાશ જ ક્યાં હતો. જેથી શુભ પરિણતિ થાય ? ત્યાર પછી કોઈક સિદ્ધ ભગવાનની પરમ કૃપાથી તે વ્યવહાર રાશીની નિગોદમાં આવ્યો ત્યાં ય અનંતકાળ રહ્યો. ત્યારબાદ તેનો ક્રમિક વિકાસ થતાં માનવભવમાં શુભ પ્રવૃત્તિ દ્વારા શુભપરિણતિ ઉત્પન્ન કરવાનો અવકાશ મળ્યો.

**શુભભાવો કે શુભપરિણતિ આત્મામાં આવી તેટલો કાળ તો પેલા અશુભ પરિણતિવાળા કાળ કરતાં દરિયા આગળ ટીંપા સમાન છે ! એટલે તો જીવને સારા નિમિત્તો ઢગલાબંધ હોવા છતાં ઘણીવાર પાપ વિચારો જ આવે છે !**

એટલે, સાંભળ, જીવે શુભ પરિણતિ ઉત્પન્ન કરવા જ પ્રયત્ન કરવાનો છે. અશુભ-પાપ પરિણતિઓ તો અનાદિકાળથી પડી જ છે. તેને દબાવતા જવું, નાશ કરતા જવું અને સામે ધર્મ પરિણતિ એટલે શુભ પરિણતિઓને આત્મામાં વધારતા જવું તે કલ્યાણકારી માર્ગ છે.

વિદ્યાર્થી : સર ! આપે ગત સત્સંગમાં બે વાતો અધુરી છોડી હતી યાદ છે ? એક તો, જીવમાંથી શિવ બનવાની ટૅક્નોલોજિ શાસ્ત્રો પાસે છે અને બીજું ખોટા-ખરાબ નિમિત્તોથી કેમ બચવું ?

સર : તને યાદ રહ્યું છે એનો અર્થ છે, તને આમાં રસ પડ્યો છે. એટલે તારી આગળ વાત વિસ્તારથી કરવાની મને પણ મજા આવશે. બાકી તો મોટાભાગે લોકો સત્સંગ કરે છે. પછી ઘરે જતાં બધું ભૂલી જાય છે. કાં તો સાંભળે ખરા પણ સમજણ પડી કે નહીં તેની મને શું ખબર પડવાની ? હું જ પ્રશ્ન કરું તો ખબર પડે !

રામાયણની કથામાં : એક ડોશીમા રોજ આવે. ખૂબ રસપૂર્વક શ્રવણ કરે. સીતાજીના હરણનો પ્રસંગ આવ્યો ત્યારે ખૂબ રડેલા પણ જ્યારે કથા પૂર્ણ થઈ ત્યારબાદ તે ડોશીમા કથાકાર પાસે આવી પૂછવા લાગ્યા કે, "ભઈ ! પેલાં સીતાજીનું હરણ થયેલું તે પાછી હરણની સીતા થયાં કે નહીં ?" તે તો તમે જણાવ્યું જ નથી !

બોલો, આ ડોશીમાને હરણનો અર્થ કેમ સમજાવવો ?

વિદ્યાર્થી : સર ! ડોશીમાના હરણનું જે થયું તે, પણ ખરેખર આપના સત્સંગથી મારા દિલનું તો આપે હરણ કરી જ દીધું છે. હું આપને છોડી શકું તેમ નથી. હવે મને પેલી શાસ્ત્રોની વાત કહોને ? શાસ્ત્રોનો આટલો બધો મહિમા કેમ ? તે તો માત્ર કાગળિયા છે અને જડ શબ્દો છે !

સર : બસ બેટા ! વધારે બોલીશ નહીં ! તે શાસ્ત્રો માત્ર જડ શબ્દો કે કાગળીયા નથી ! પણ ભગવાનની ગેરહાજરીમાં અમારા માટે તો સાક્ષાત્ ભગવાન છે સમજ્યો !

વિદ્યાર્થી : સોરી-વેરી સોરી સર ! હું પણ હવેથી શાસ્ત્રને ભગવાન જ માનીશ.

સર : વત્સ ! શાસ્ત્રો માટે સૂરિપુરંદર ભગવાન હરિભદ્રસૂરિજી મ. કહે છે, "हा अणाहा कहं हुंता ! जई न हुंतो जिणागमो" તેઓશ્રી ચીલાચાલુ સાધુ નથી પણ એક પૂર્વ જેટલું જ્ઞાન ભણેલા છે. તેમના મુખથી નીકળેલા આ શબ્દો અમારા પથનો ભોમિયો છે. તે કહે છે, **ઓહ ! અનાથ એવા અમારું શું થાત ? જો પ્રભુની વાણીરૂપ જિનાગમો ન હોત !** ૧૫૦૦ વર્ષ પૂર્વે બોલાયેલા આ દર્દભર્યા શબ્દો છે. ૧૪ વિદ્યાના પારગામી, વેદના અઠંગ અભ્યાસી, બ્રાહ્મણ કુળમાંથી આવી દીક્ષિત થયા બાદ જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી તેઓ મિથ્યામતિમાંથી સમ્યગ્મતિ બન્યા છે અને તેમના મુખમાંથી આ શબ્દો સરી પડ્યા છે.

વત્સ ! તારી ડાયરીમાં લખી લે -

❖ શાસ્ત્રો જ અમારા પ્રાણ છે. અમારી ધડકન છે.

❖ શાસ્ત્રો જ મન-વચન-કાયાના યોગોનો ઉપયોગ ક્યાં કરવો તે સમ્યગ્ બતાવે છે.

❖ શાસ્ત્રો જ મા-બાપ છે તે તમને વિષમ માર્ગમાં પડતા બચાવે છે.

❖ શાસ્ત્રો તમને નિર્દોષ જીવનની પદ્ધતિ આપે છે.

❖ શાસ્ત્રો ખોટી દિશા તરફ જતા જીવ માટે રેડ સિગ્નલ સમાન છે.

❖ શાસ્ત્રો સાચી દિશા બતાવતા સુખો માટે ગ્રીન સિગ્નલ છે.

❖ શાસ્ત્રો સાચા મિત્ર છે જે કટોકટીમાં-આપત્તિમાં હૂંફ આપે છે.

❖ શાસ્ત્રો તમારી આનંદમય લાઈફનો મેપ છે. તેના આધારે પ્રવાસી ક્યાંય અથડાતો કે કૂટાતો નથી.

❖ શાસ્ત્રો સિદ્ધિ માટે દીવા-દાંડી સમાન છે.

❖ શાસ્ત્રોએ કહેલી વિધિ અને નિષેધને અનુસરનાર ક્યાંય પતન પામતો નથી.

❖ શાસ્ત્રો પ્રમાણે ચાલનાર ક્યાંય સ્ખલના પામતો નથી.

❖ શાસ્ત્રો પ્રમાણે ચાલનાર અટપટા માર્ગમાં પણ ગોથાં ખાતો નથી.

❖ શાસ્ત્રો પ્રમાણે ચાલનાર ઊંચા ડુંગર પર પણ સરળતાથી ચડી જાય છે.

❖ શાસ્ત્રો દર્પણ છે. જે તમારી સાચી તસવીર બતાવે છે.

❖ શાસ્ત્રો એક્સ-રે મશીન છે જે તમારા આત્માના ગુણ-દોષ સ્પષ્ટ બતાવે છે.

❖ શાસ્ત્રો વૈદ્ય છે, જે તમારા ગુણોરૂપી સ્વાસ્થ્યને વધારવા પાક અને વસાણા સાથે ઔષધ આપે છે.

❖ પ્રત્યેક શાસ્ત્રો માત્ર આત્માના હિતની જ વાત કરે છે પણ માણસ ખુદ આંખ આડા કાન ખરી મુશ્કેલીમાં મૂકાય છે.

❖ શાસ્ત્રો સાચું હોકાયંત્ર છે, જે તમારી જીવનનાવને સાચી દિશા બતાવે છે.

❖ શાસ્ત્રો હેય-ઉપાદેય અને જ્ઞેય રૂપ જ્ઞાનનો વિવેક સમજાવે છે.

❖ શાસ્ત્રો જ અગમ્ય પદાર્થો પર પ્રકાશ પાડે છે.

❖ શાસ્ત્રો જ ચારેય ગતિરૂપ સંસારનું સમ્યગ્ દર્શન કરાવે છે.

❖ શાસ્ત્રો જડ શબ્દોનો ભંડાર માત્ર નથી પરંતુ પરમાત્માએ પ્રકાશેલ જ્ઞાનનો મહાસાગર છે. વચનરૂપ મોતી છે.

❖ શાસ્ત્રો જ્ઞાનની જ્યોત છે જે સદા ઝળહળતી રહે છે.

❖ શાસ્ત્રો સમાધાન છે. શાસ્ત્રો સમાધિ છે અને શાસ્ત્રો જ આધિ-વ્યાધિ અને ઉપાધિ દૂર કરવાનો ઉપાય છે.

❖ શાસ્ત્રો જ મિથ્યાત્વ ભેદવાનું શસ્ત્ર બને છે અને સમ્યક્ત્વને નિર્મળ કરવાનો સાબુ છે.

❖ શાસ્ત્રો જ ગુણશ્રેણી માટે નિસરણી બને છે.

❖ શાસ્ત્રો જ યોગસંગ્રહનું મહાસરોવર છે.

શું કહું વત્સ ! કલિકાલમાં જિનબિંબ અને જિનાગમ ભવિયણ કું આધારા.

મોતીની પરખ ઝવેરી જ કરી શકે કુંભાર નહીં ! રત્નની પરખ ઝવેરી કરી શકે પથ્થર તોડનાર નહીં. તેમ શાસ્ત્રની પરખ અને કદર જ્ઞાની કરે અજ્ઞાની નહીં હવે ક્યારેય શાસ્ત્ર માટે આવો અભિપ્રાય આપીશ નહીં.

વિદ્યાર્થી : સર ! શાસ્ત્રો પ્રત્યે આપનું બહુમાન અને આદર જોઈ હું તો ઠરી ગયો છું. આપનો લાલઘુમ ચહેરો જોઈ મારું પણ મિથ્યાત્વ ગળી ગયું છે. હવે મને સમજાયું છે, કે આપશ્રીમાં આટલું બધું જ્ઞાન ક્યાંથી આવ્યું ? સાચે જ શાસ્ત્રો પ્રત્યેનો આપનો આદર મને તો કારણ લાગે છે ! એમ આઈ રાઈટ સર ! પ્લીઝ !

**સર : વત્સ ! શાસ્ત્રો ભણવાથી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય પરંતુ તેના પ્રત્યેનો અત્યંત આદર વધવાથી, શાસ્ત્રોનો મહિમા સાંભળી અંતરમાં અહો... અહોનો નાદ થવાથી મોહનીય કર્મોનો નાશ થાય એવું મેં જાણ્યું છે.**

વત્સ, ખાલી ભણી જવું તે પર્યાપ્ત નથી પરંતુ અહોભાવથી જ્ઞાનને અંતરમાં વસાવી દેવું, જ્ઞાનને અંતરમાં પરિણત કરવું તે મહત્ત્વનું છે. તે જ જ્ઞાનયોગી બની શકે છે. જ્ઞાનયોગીનો સંસાર અલ્પ કહ્યો છે.

વિદ્યાર્થી : સર ! આપે કહેલ કે, શાસ્ત્રો પાસે પરિણતિને પલટાવી દેવાની સુપર ટૅકનોલોજી છે, જીવમાંથી શિવ બનવાની ટૅકનોલોજી છે. તે વિષયમાં ખરાબ નિમિત્તોથી બચવાના ઉપાય બતાવો.

સર : આપણે મૂળવાત ઉપર આવીએ. આત્મામાં અનાદિકાળથી અશુભ પરિણતિઓ ધરબાયેલી છે. ક્યારેક સારા ભાવો થયા હશે તેથી શુભ પ્રવૃત્તિ દ્વારા શુભ પરિણતિઓ પણ ભેગી થયેલી છે. એટલે મોટાભાગે નિમિત્તો મળતાં અશુભ ભાવો - અશુભ વિચારો જ મન ઉપર સવાર થઈ અશુભ કાર્યો કરાવે છે.

હવે, સમજણના ઘરમાં આવ્યા પછી શુભનું જ આલંબન લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેથી આત્મામાં સતત શુભનું જ આધાન થયા કરે. જ્યારે જ્યારે અશુભ-પાપી, હલકા કે નબળા ભાવો ઉઠે. નબળા વિચારો આવે ત્યારે તત્કાળ સાવધાન થઈ જો નબળા નિમિત્તો સામે હોય તો ત્યાંથી દૂર થઈ જવું અને તેની વિપરિત પ્રવૃત્તિ, વિપરીત વિચારો અથવા છેવટે નવકારમંત્ર મોટેથી બોલવા લાગવું જેથી પ્રાયઃ કરીને નબળા વિચારો ચાલ્યા જશે અને જે નબળું વિચાર્યું હોય તેનું મનોમન મિચ્છા મિ દુક્કડમ્ વારંવાર દેતા રહેવું જેથી અશુભ ભાવોનું બળ ઘટશે.

વિદ્યાર્થી : સર મને લાગે છે કે, આ તો પ્રાસંગિક ઉપાય થયો. મન ઉપર સતત વૉચ રાખવું સંસારમાં શું શક્ય છે ? આખો દિવસ સંસારની પ્રવૃત્તિમાં શુભને અવકાશ કેટલો ?

સર : તારી વાત સાચી છે. સંસાર રસીક જીવો માટે સતત શુભભાવ ટકાવી રાખવો શક્ય નથી. માટે તો તને કહું છું શાસ્ત્રોની ટૅક્નોલોજીનો ઉપયોગ કરવો.

વિદ્યાર્થી : અચ્છા, તો તે ટૅક્નોલોજી શું છે ? અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો ?

સર : જો તને સંસારનો ભય લાગ્યો છે, જો તને પાપનો ભય ઉત્પન્ન થયો છે અને જો તને અશુભ પરિણતિઓને કાઢવાની ઈચ્છા થઈ છે. તો તારે સંસારમાં રહીને તેનાથી બચવાનો ઉપાય કરવો જોઈએ. તે ઉપાયો પ્રભુએ ધર્મપ્રવૃત્તિ (ધર્મવ્યાપાર) તરીકે બતાવ્યા છે. જેમાં મન-વચન અને કાયાના યોગો શુભમાં જોડાય છે. અશુભ ભાવોને અટકાવી શુભભાવો વધવા લાગે છે.

વિદ્યાર્થી : તો તે ધર્મવ્યાપાર કેવી રીતે કરવો ?

સર : વત્સ ! જીવનમાં જે પણ પ્રવૃત્તિ મોક્ષ સાથે જોડી આપે તે તમામ યોગ સ્વરૂપ કહી છે અને તેવી પ્રવૃત્તિ ધર્મવ્યાપાર પણ કહી શકાય.

હમણાં તું અથવા જે લોકો સંસારમાં પ્રવૃત્તિ કરે છે તે પ્રાયઃ તમામ શરીરને કેન્દ્રમાં રાખી કરે છે. 'આત્મા'ને હિત કરે તેવી પ્રાયઃ કોઈ પ્રવૃત્તિ હોતી નથી.

એટલે, ધર્મવ્યાપારનું ધ્યેય આત્માનું હિત થાય તે માટે છે. હા, આ પ્રવૃત્તિથી સાથે સાથે શરીરનું આરોગ્ય અને સંસારનું પણ જરૂરી હિત થાય જ છે.

ધર્મવ્યાપાર અનેક પ્રકારે છે. કહ્યું,

**યોગ અસંખ્ય જિન કહ્યા,**
**તેહમાં નવપદ મુખ્ય તે જાણો રે,**
**તેહ તણે આલંબને,**
**આત્મશક્તિ પ્રમાણો રે...**

શ્રી નવપદની આરાધનાના વિષયમાં આ પંક્તિ છે. એટલે, મોક્ષ સુધી લઈ જતી પ્રવૃત્તિઓ અસંખ્ય પ્રકારની છે. તેમાં જેમ નવપદ-સિદ્ધચક્રજી ભ. મુખ્ય છે તેમ જ્ઞાન-દર્શન, ચારિત્ર અને તપના વિષયમાં પણ અનેક આરાધનાઓ છે. જો કે, તમામ આરાધનાઓ ધ્યેયપૂર્વક, વિધિપૂર્વક અને ભાવથી, જિનાજ્ઞાનુસારી, ગુરુનિશ્રા આદિમાં થાય તો આ આરાધનાઓ અંતરમાં પડેલી અશુભ પરિણતિઓ તોડે છે અને શુભ પરિણતિઓનું આધાન કરે છે.

વિદ્યાર્થી : સર ! આમાં કોઈ પ્રવૃત્તિ-વ્યાપાર ફરજીયાત ખરો ?

સર : હા, ભગવાને કેટલીક આરાધનાઓ જીવના ગુણઠાણા મુજબ અલગ અલગ, કેટલીક નિત્ય, કેટલીક પાક્ષિક, ચારમાસિક, વાર્ષિક વગેરે જુદી જુદી રીતે બતાવી છે. તે તને શોર્ટમાં બતાવું છું.

આ તમામ પ્રવૃત્તિ તે ધર્મવ્યાપાર પણ કહી શકાય તે સાંભળ.

ક્રમશઃ

## ધર્મી કેવો ?

આ. હેમરત્નસૂરિ

ગત અંકથી ચાલુ...

અણુયુદ્ધ શક્ય બને તેવા સંજોગ નથી, એટલે વગર લડાઈએ સમગ્ર દેશોને પતાવી દેવા હોય તો તેનો આ એક જ રસ્તો છે કે ઈકોનોમિ તોડી નાખો. ઉદ્યોગો તોડી નાંખો. વેપારો હાથમાં લઈ લો. ટી.વી. પર જાહેરાતો કરી કરીને પબ્લિકમાં લક્ઝરીયસ ચીજો ભોગવી લેવાની લ્હાય લગાડી દો. દેશને બે હાલ અને પાયમાલ કરી નાંખો. ભૂખમરાથી માણસો રીબાઈ રીબાઈને પેદા કરાવો. ચૂંટણીના નામે તોફાનો પેદા કરાવી જાનહાનિ, માલહાનિ કરાવી સરકારને ભૂખડીબારસ કરી નાંખો. સરકારને વધુને વધુ પરદેશી દેવા તળે દાટી દો. આ બધું વેલપ્લાનીંગ આવી રહ્યું છે. ટૂંક સમયમાં કોઈપણ પ્રસિદ્ધ હિંદુ મંદિરમાં બોંબ ફાટવાની તૈયારી છે. બાબરીનો ધ્વંસ થયો તેના બદલામાં હજુ કોઈ પ્રસિદ્ધ હિંદુમંદિરનો ધ્વંસ થયો નથી. વેર વાળવાનું બાકી છે.

તીર્થો પર આક્રમણો ચાલી રહ્યા છે. શત્રુંજો આખો ખોદાઈ રહ્યો છે. છતાં કોઈ રીએક્શન નથી. છેલ્લે કોમી હુલ્લડો ફાટી નીકળશે. મહિનાઓ સુધી બજારો, વેપારો ઉદ્યોગો અપ્સેટ રહેશે. નિર્દોષ માણસો મરશે તે વધારામાં.

આવી જ સેઈમ સ્થિતિ અમેરિકાએ કાબૂલમાં પેદા કરાવી છે. તેણે બે જાતિઓ વચ્ચે આંતરવિગ્રહ કરાવીને આખા કાબૂલને સ્મશાનમાં ફેરવી નાખ્યું છે. કુલ દશ લાખની વસ્તી ધરાવતા આ શહેરમાં માત્ર ૬૦૦૦૦ માણસો જીવતા રહ્યા છે. તે તમામ કાબૂલ છોડીને ભાગી ગયા છે. ત્યાં ફરી નવા મનુષ્યોને જન્મ આપી શકે એવી કોઈ યુવાન સ્ત્રીને જીવતી રહેવા દીધી નથી. ત્યાં કોઈપણ મકાન એવું નથી કે જેને આગ કે બૂલેટનું નિશાન ન લાગ્યું હોય. અફઘાનની આ રાજધાની સ્મશાન બની ચૂકી છે.

સંવાડામાં હુતુ અને તુત્સી નામની બે જાતિઓએ પરસ્પરની વસ્તી અડધી કરી નાંખી છે. આ બધા આંતરવિગ્રહો વેળાએ અમેરિકા ચૂપ મારીને બેસી રહ્યું હતું. તે વેળાએ તેને શાંતિ મીશન યાદ ન આવ્યું.

આફ્રિકાનો ચાડ વિસ્તાર ભૂખમરાથી ખલાસ થઈ ગયો છે. ત્યાં ભૂખમરો પેદા કરાવનાર અમેરિકા છે. જેની મહાસત્તા તરીકે ગણના થતી હતી તે રશિયાના શા હાલ થયા છે ? અમેરિકાએ યુદ્ધ વગર આ દેશને હરાવી દીધો છે. થકવી નાંખ્યો છે. બસ ! એ જ રીતે અમેરિકા વસ્તીથી ખીચોખીચ ઊભરાતા ઈન્ડિયા અને ચાયના નામના બેય દેશોને પતાવી નાખવા માંગે છે. પતાવી નાખવાના શસ્ત્રોનું નામ છે. ટી.વી., વીડીયો, મલ્ટીનેશન કું., મીસ વર્લ્ડ સ્પર્ધાઓ, જાતજાતના કરારો, વર્લ્ડ બેંકની લૉનો, આંતરવિગ્રહો અને મીશનરી સંસ્થાઓ.

આ પરિસ્થિતિમાં દેશના યુવાનોને ઉંઘ કેવી રીતે આવે ? ખાવું કેવી રીતે ભાવે ? આવડા મોટા દેશમાં કોઈ ચન્દ્રશેખર આઝાદ નથી. કોઈ ભગતસિંહ નથી. કોઈ સુખદેવ નથી. તુમ મુઝે ખૂન દો, મેં તુમ કો આઝાદી દુંગા. આવી વાતો કરનાર કોઈ સુભાષબાબુ નથી. ફરી કોઈ મહાત્મા ગાંધી બને એવી એક પણ ખોપરી નથી. ઈલેક્શનમાં પ્રજાએ ઘણાં માથાં બદલી જોયાં પણ બધાં ચોરના ભાઈ ઘંટીચોરો જ આવ્યા. કેરીના કરંડીયામાં હાથ નાખીએ તો બે-ચાર ભડથા નીકળે. બાકીની સારી પણ નીકળે. ૧૮૦ કરોડ વસ્તીના ટોપલામાંથી કેટલી ખોપરી ખપમાં આવે તેવી નીકળે ? આ પણ કમાલ છે ને ?

દેશ ઘણા વિચિત્ર સંજોગોમાંથી પસાર થઈ રહ્યો છે. યુવાનોએ જાગ્રત થવાની જરૂરત છે. તમે માત્ર ઘર અને દુકાનનો રસ્તો જ સમજ્યાં છો. બીજી કોઈ વાતમાં તમને રસ નથી. તમને રસ માત્ર ગલ્લાની બેલેંસમાં છે. દેશ જાય જહન્નમની ખાડમાં. આવી બેદરકારીનું પરિણામ એવું આવશે, કે તમારી પાસે ગલ્લો રહેશે પણ બેલેંસ જશે. આ મલ્ટીનેશન કું તમામ વેપારીઓને પાયમાલ કરી નાખવાની છે. દવા બનાવતી કંપનીઓ સુધ્ધાં સ્વાહા થઈ જવાની છે. પરદેશીઓ લીમડા અને બાવળથી લઈ છેક માણસોના જીન્સ જીનેટિક્સની પેટંટો બુક કરાવી રહ્યા છે. ફાર્મસીઓના ડબલાં ડૂલ થઈ જાય એવો ટાઈમ આવી રહ્યો છે. આપણા સાવ જ ભોટ ગણાય તેવા નેતાઓ ઉંધુ ઘાલીને સીગ્નેચરસ્ કરી રહ્યા છે. લીમડા જેવી ચીજને પણ સરકારે વેચી ખાધી છે. હવે માણસોની ઉત્પાદક શક્તિઓના બુકીંગ માટે પ્રપોઝલ આવી છે. મજબૂત બાંધાની અઢાર જાતિઓની પેટંટ પરદેશીઓ

અનુસંધાન પાના નં. ૬ ઉપર








જૈન એલર્ટ ગ્રુપ ઓફ વિસનગર દ્વારા ગરીબ પરિવારોને લાડુનું વિતરણ





જૈન એલર્ટ ગ્રુપ ઓફ વિસનગર દ્વારા પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું.

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi)    Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026    Issued by SSP    Valid up to 31-12-2026
Licence to Post with Prepayment  LPWP Licence No. : PMG/NG/058/2024-2026  Valid up to 31-12-2026

# श्री शत्रुंजय तीर्थधाम भुवनभानु मानसमंदिरम् तीर्थ

Contact No. : 8551904888, 8551905888, 9823271991



માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ०૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514